# ૧૦.૧૦ અક્ષય તૃતીયાની અમર સાધના

જૈન ધર્મ તપ-ત્યાગ અને વૈરાગ્યના પાયા ઉપર ઉભેલો છે. આત્મકલ્યાણ કે આત્મહિત તેના કેન્દ્રમાં છે. કોઈ પણ નાના-મોટા તપની પાછળ કર્મક્ષય અને પુણ્ય સંચયની ભાવના રહેલી હોય છે. પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવની મહાન તપશ્ચર્યા વરસીતપ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. તેના પારણા વૈ. સુ.-૩ના આવે છે.

આ વૈશાખ સુદ-૩ એટલે અક્ષય તૃતિયા પર્વનો પાવન દિવસ આ પવિત્ર દિવસે જૈન ધર્મના વર્ષી તપના તપસ્વીઓ તેર મહિના તેર દિવસ સુધી એટલે કે ૪૦૦ દિવસ સુધી એકાંતરે ઉપવાસ ફક્ત ઉકાળેલું પાણી વાપરીને જ તથા બીજા દિવસે બીઆસાણું એટલે કે બે વાર બેસીને જ આહાર વાપરવાના નિયમવાળા હોય છે. જૈન ધર્મમાં વર્ષી તપના પારણાં વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજના રોજ ઈક્ષુરસ એટલે શેરડીના રસ વડે એકસો આઠ નાના ઘડા ભરીને તપસ્વીઓને રસ પીવડાવીને પારણા કરાવવામાં આવે છે. જૈન શાસનમાં પર્યુષણ એ પ્રભાવક પર્વ છે. આ રીતે વર્ષીતપ એ પ્રભાવક તપ તરીકે પ્રસિદ્ધ છે. દાદા આદીશ્વરના પવિત્ર શેત્રુંજયના ધામમાં એટલે કે પાલિતાણામાં તથા દિલ્હી પાસે આવેલ હસ્તિનાપુરના તીર્થસ્થાનમાં હજારો જૈન લોકો અખાત્રીજના રોજ ભગવાન આદિનાથનો ઈક્ષુરસથી પ્રક્ષાલ કરીને પછીથી વર્ષીતપના પારણા આ દિવસે કરે છે.

પ્રભુએ ફાગણ વદ-૮ના દિવસે રાજપાટનો ત્યાગ કરી સંયમ સ્વીકાર્યો. વિનિતાનગરી માટે અભૂતપૂર્વ દિવસ હતો. એક વર્ષમાં વર્ષીદાન તરીકે અઢળક ધનની વૃષ્ટિ કરવાવાળા દાદા આદિનાથ સર્વસ્વનો ત્યાગ કરીને જંગલની વાટે ચાલી નીકળેલા. આવા પ્રભુને પ્રજા આશ્ચર્ય અને આઘાતથી અશ્રુભીની આંખે જોવાય ત્યાં સુધી જોતી રહી હતી. પ્રભુ સર્વસ્વનો ત્યાગ કરીને ગામ-નગરોમાં વિહરવા માંડ્યા. દાન શું ચીજ છે ? આ વાત લોકો માટે કલ્પના બહારની હતી કારણ કે કોઈ યાચક હતો જ નહીં. યાચક વિના દાનની વાત કોણ સમજે ? જેની ભિક્ષાકાજે પોતાના આંગણે પધારતા પ્રભુ સમક્ષ સુવર્ણ અને સમૃદ્ધિ જેવી ચીજો તેમની પાસે ધરતા, પરંતુ પ્રભુએ આ બધું ત્યાજી દીધેલ હોવાથી નજર નાખ્યા વગર આગળ વધતા જતા. આવું એક ગામ જ નહીં પણ દિવસો સુધી બન્યા કર્યું અને આનો ક્રમ ચાલતો જ રહ્યો.

ન આહાર ! ન પાણી ! છતાં પ્રભુના મુખ ઉપર પ્રસન્નતા જાણી સહસ્ત્રબદલ વિકસતી ચાલી આવા નિરાહારી પ્રભુની વિહારયાત્રા દિવસો, પખવાડિયા અને મહિના વટાવીને વર્ષની અવધિથી પણ વધવા માંડી. પ્રજાનું દુઃખ પણ વધવા માંડ્યું કે આપણે કેવા અજ્ઞાની કે દાદાને ખપતી ચીજની ભાળ પણ મેળવી શકતા નથી અને પ્રભુ સમક્ષ જે કંઈ ચીજો ધરીએ છીએ એ લીધા વિના પ્રભુ આગળ વધતા જાય છે.

વૈશાખ સુદ-૨ની રાત હતી. શીતળ પવન મંદ ગતિએ વહેતો હતો તે જ વખતે હસ્તિનાપુરમાં કોઈ અનેરી સ્વપ્નસૃષ્ટિ અવતરી અને બાહુબલિના પુત્ર રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંશકુમાર અને નગરશેઠ સુબુદ્ધિ આ ત્રણે અગ્રણ્ય વ્યક્તિઓ અલૌકિક સ્વપ્નસૃષ્ટિની સહેલગાહે ઉપડી ગઈ.

રાજા સોમપ્રભ, રાજા આદિનાથના પુત્ર બાહુબલીના સુપુત્ર હતા એટલે એમણે સ્વપ્નમાં એવી ઘટના નિહાળી કે એક રાજા અનેક શત્રુરાજાઓથી ઘેરાઈ ગયો છે અને પોતાનો બળવાન પુત્ર શ્રેયાંશ તેની વ્હારે થાય છે અને એ રાજા વિજયને વરે છે.

રાજપુત્ર શ્રેયાંશકુમારે નિહાળેલ સ્વપ્ન પણ ભવ્ય હતું. તેમણે સ્વપ્નમાં એવી અનુભૂતિ કરી કે મેરુગિરિ જેવો ચારે તરફથી શ્યામ થઈ ગયો છે તેને પોતે દૂધના કળશ ઠાલવીને ઉજ્જવળ બનાવે છે અને મેરુગિરિ ફરી ઝગારા મારે તેવો ઉજ્જવળ બની જાય છે. આ સ્વપ્ન શ્રેયાંશકુમારને હર્ષથી ભરપૂર બનાવી ગયું અને પોતે તેનો ફલાદેશ વિચારવા માંડ્યું.

સુબુદ્ધિ શેઠે સ્વપ્નમાં એવી આશ્ચર્યભરી ઘટના જોઈ કે સૂર્યબિંબમાંથી હજારો કિરણો છૂટા પડી ગયા છે અને શ્રેયાંશકુમાર એ કિરણોને સૂર્ય સાથે જોડી દેવામાં સફળ થાય છે. જેના યોગે એ સૂર્ય પુનઃ પ્રકાશથી ઝળહળી ઊઠેે છે. આ સ્વપ્નથી તેની ફલશ્રુતિના વિચારોમાં પડી જાય છે. સવાર થતાં જ રાજા સોમપ્રભ, રાજકુમાર શ્રેયાંશકુમાર અને સુબુદ્ધિશેઠે નક્કી કર્યું કે આજે રાજસભામાં જઈને સ્વપ્નની વાત મૂકવી અને સ્વપ્નના સંકેતો જાણવા એકબીજાની મદદ લેવી.

વૈશાખ સુદ-૩ને મધ્યાહન થયું ના થયું ત્યાં તો રાજસભામાં રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંશકુમાર અને સુબુદ્ધિ નગરશેઠે પોતાના સ્વપ્નની વાત રજૂ કરી. આનો અર્થ એવો થાય છે કે, શ્રેયાંશકુમારને મોટો લાભ થશે અને ત્રણેય સ્વપ્નનો સૂત્રધાર આ રાજકુમાર બનશે. આ જમાનામાં સ્વપ્ન પાઠકોનો યુગ ન

હતો એટલે દરેકને એમ લાગ્યું કે શ્રેયાંશકુમારના હાથે થનારા કોઈ શુભકાર્યોની છડી પોકારનારા આ સ્વપ્ન છે.

રાજસભામાં આ રીતે સ્વપ્નના વિચારથી ગંભીર વાતાવરણ જામી રહ્યું છે. ત્યારે દાદા આદિનાથ હસ્તિનાપુર પધારી રહ્યા હતા અને પ્રભુને ઓળખતા પ્રજાજનો પોતાના આંગણે પધારેલ પ્રભુને સોના-રૂપાનો સ્વીકાર કરવા વિનંતી કરવા લાગ્યા. પ્રભુની પધરામણીથી વ્યાપેલા આનંદનો કોલાહલ રાજસભા સુધી પહોંચી જતા રાજકુમાર શ્રેયાંશકુમારે કોલાહલનું કારણ જાણવા આદેશ કર્યો હતો ત્યારે રાજસેવકોએ દોડતા આવીને પ્રભુની પધરામણીના સમાચાર આપ્યા. એટલે રાજા, રાજકુમાર તથા નગરશેઠ કોલાહલની દિશામાં દોડ્યા. પ્રભુની નજીક પહોંચીને રાજા સોમપ્રભુએ જોયું તો જવામર્દની સાથે એકલપંડે શત્રુસેના સામે લોહીનું છેલ્લું બુંદ ખર્ચીને ઝઝૂમતા પ્રભુના દર્શન સાથે પોતાને આવેલ સ્વપ્નની કડી સંધાઈ. રાજકુમાર શ્રેયાંશકુમારને પણ પ્રભુના દર્શન થતા પ્રભુના દેહને જોતાં એમને સ્વપ્નમાં જોયેલો કાળાશ ધરાવતો સુવર્ણ મેરુ યાદ આવી ગયો. સમૃદ્ધિ શેઠને પ્રભુજીની કાયામાં તેનાથી વિખુટી પડેલા કોઈ સૂર્યનો સામ્ય દેખાવા માંડ્યો.

રાજપુત્ર શ્રેયાંશકુમારના દિલમાં જે વિચારો જાગ્યા તે જુદા જ હતા અને ગણતરીની પળોમાં શ્રેયાંશકુમારને પૂર્વજન્મનું સ્મરણ કરાવતું જ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના પ્રકાશે એમનું અંતર ઝળહળી ઉઠ્યું. શ્રેયાંશકુમાર મનોમન બોલી ઊઠ્યા કે પૂર્વ ભવમાં આવો વેશ મેં ધારણ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ છેલ્લા નવ નવ ભવથી પ્રભુ સાથે સંકળાતો ગયો છું. કેવા અચરજની વાત છે કે પ્રભુએ પરિગ્રહને પાપનો ભારો સમજીને ત્યજી દીધો એ જ પરિગ્રહને લોકો પ્રભુ સામે ધરી રહ્યા છે. પ્રભુની સમક્ષ શું ધરાય તેનું કોઈને જ્ઞાન નથી. આ જ કારણે દીક્ષાના દિવસથી આજ સુધી પ્રભુના હાથનું ભિક્ષાપાત્ર ખાલી રહેવા પામ્યું છે જેના યોગે પ્રભુને એક વર્ષ ઉપર ચાલીસ દિવસ એટલે કે ૪૦૦-૪૦૦ દિવસના લાંબા ઉપવાસ થયા છે.

શ્રેયાંશકુમાર આનંદી ઊઠ્યા અને સ્વપ્નના સંકેત એમની સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા હતા. અત્યારે તો સુપાત્ર દાનના શુભારંભ સ્વરૂપ પ્રભુને પારણાં કરાવવાના અવસરને જ મુખ્યતા આપવા જેવી હતી. એથી જાતિ સ્મરણ થતાં જ સુપાત્રદાનના જ્ઞાતા બની ચૂકેલા શ્રેયાંશકુમાર જાણે સુપાત્રદાનના પ્રવર્તક બનવાનું

સૌભાગ્ય મેળવવા કટિબદ્ધ બન્યા. દેવલોકમાંથી પ્રભુ જંબુદ્વીપના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં આવેલ પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીમાં વજનાભ નામના ચક્રવર્તી પુત્ર થયા, ત્યારે હું એમનો સુયશા નામનો સારથિ થયો એમના પિતાશ્રી વજ્રસેન તીર્થંકર હતા. શ્રી વજ્રસેન જયારે તીર્થંકર તરીકે વિચરવા માંડ્યા, ત્યારે પ્રભુના જીવ શ્રી વજનાભે તેમજ મેં એ તીર્થંકર પાસે સંયમ ગ્રહણ કર્યું. આ પછી ભવમાં અમે બંને સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનમાં દેવ થયા. આ દેવભવ પૂર્ણ થતાં પ્રભુજી શ્રી ઋષભદેવ તરીકે આપણા ઉપર ઉપકાર કરવા અહીં અવતર્યા અને હું એમના પ્રપૌત્ર તરીકે આ નગરીમાં જન્મ પામ્યો. આમ નવ નવ ભવના આ સંબંધ જાતિસ્મરણ જ્ઞાન થતાં જ મને સાંભરી આવ્યા અને સુપાત્ર દાનનો લાભ હું મેળવી શક્યો. આ રીતે શ્રેયાંશકુમારને હાથે પ્રભુએ પોતાના માટે ન કરેલી કરાયેલી એવી ચીજ એટલે કે શેરડીના રસના એકસો આઠ કુંભ ઠલવાયા અને પ્રભુના વર્ષીતપના પારણા થયા.

શ્રેયાંશકુમારનું વકતવ્ય પૂરું થતાંની સાથે જ રાજા અને નગરશેઠે પૂછયું ઃ આપણે ત્રણેએ આજે સ્વપ્ન જોયું, એને આજના આ પ્રસંગને કોઈ મેળ છે ખરો ? જો હોય, તો તે કઈ જાતનો ? શ્રેયાંશકુમારે ત્રણે સ્વપ્નની ભૂમિકા સમજાવીને પ્રજા સમક્ષ નજર લંબાવતા કહ્યું ઃ આ ત્રણે સ્વપ્ન દ્વારા જે શુભના સંકેત સુચવાયા હતા, એ આજના પ્રસંગથી સાચા સાબિત થયા ઃ શ્યામમેરુને દૂધથી પ્રક્ષાલ કરીને ફરી ઉજજવળ બનાવ્યાનું જે સ્વપ્ન મેં નિહાળેલું એનો અર્થ એ છે કે પ્રભુનો મેરુ જેવો દેહ આ દીર્ઘ તપથી જરાક નિસ્તેજ બન્યો હતો, શેરડીના રસથી પારણું કરાવવા દ્વારા એ દેહને દીપ્તિમંત બનાવવામાં હું નિમિત્તમાત્ર બન્યો.

મારા પિતાશ્રીએ શત્રુઓથી ઘેરાયેલા અને એકલપંડે ઝઝૂમતા કોઈ રાજાને મારી સહાયથી વિજયી બનતા જોયો હતો, એનો અર્થ એ છે કે, પ્રભુની આસપાસ ભૂખ-તરસ આદિ જે શત્રુઓ ઘેરા નાખીને રહ્યા હતા, ઈક્ષુરસ વડે થયેલ પારણાના કારણે પ્રભુ હવે આ બધાનો નજીકમાં પરાભવ કરી વિજયી બની તીર્થંકર તરીકે વિચરશે.

શ્રેયાંશકુમારે વાત પૂરી કરી અને સમગ્ર પ્રજા હર્ષથી નૃત્ય કરી ઊઠી. ઘર-ઘર અને ઘટ-ઘટમાંથી એ જાતો ધ્વતિ ઊઠ્યો કે ઃ દાદા આદિનાથના આ વર્ષીતપને વંદના ! અને દાનધર્મના પ્રવર્તક આપણા રાજપુત્ર શ્રી શ્રેયાંશકુમારને ઘણી ખમ્મા !

આવી અદ્ભુત છે, વર્ષીતપનો વૈભવ ધરાવતા પર્વની આ ધર્મકથા ! દાદા આદિનાથ ભગવાનની દીક્ષા પછીના જીવનમાં થયેલા દીર્ઘ તપના આંશિક અનુકરણરૂપે અને શ્રી શ્રેયાંશકુમાર દ્વારા આ અવર્સિપણી કાળમાં દાનધર્મના થયેલા આદ્ય પ્રવર્તનની અનુમોદનારૂપે અક્ષય-તૃતિયા પર્વની પ્રતિષ્ઠા થઈ, એથી દાનની દિવ્યતા અને તપની તેજસ્વિતાના ઉદ્ઘોષક પર્વ તરીકે અક્ષય-તૃતિયાનું સ્થાનમાન જૈન શાસનમાં અજોડ હોય, એમાં આશ્ચર્યને કોઈ અવકાશ નથી.

આવો દાનધર્મ આ અવર્સિપણી કાળમાં દાદાશ્રી આદિનાથ પ્રભુના વર્ષીતપનું આલંબન પામીને શ્રી શ્રેયાંશકુમારે પહેલવહેલો પ્રવર્તાવ્યો ! એથી વર્ષીતપના આરાધકના જીવનમાં દાનની મુખ્યતા હોવી જરૂરી છે. તો જ અંતે એ આરાધક સર્વ જીવોનો અભયદાન આપવા દ્વારા પરમપદમોક્ષનો ભોકતા બની શકે.

ફાગણ વદ-૯ થી મધ્યાહને ઋષભદેવસ્વામી ગોચરી ગયા હતા. પણ યુગલિક કાળનો નજીક કાળ હોવાથી ભદ્રક લોકો સુપાત્ર દાનની વિધિ જાણતા ન હોવાથી અને ભગવાનનો અતરાય કર્મનો ઉદય હોવાથી હીરા, માણેક આદિ વિશેષ દ્રવ્યો ભેટ ધરતા. પણ આહાર નહોતા ધરતા, ભગવાન તો ત્યાગી હોવાથી ગ્રહણ નહોતા કરતા. દરરોજ ત્રીજા પહોરે (મધ્યાહને) ગોચરી માટે જતા ત્રીજા પ્રહરમાં (૧૨થી ૩) ગોચરી અર્થે ફરે, પણ ગોચરી ન મળે, ત્યારે ચોવિહારો ઉપવાસ કરી ૭ પ્રહર (લગભગ ૨૧ કલાક) સુધી ધ્યાનમાં લીન રહેતા.

શ્રેયાંસકુમારે પ્રભુને મુનિમુદ્રામાં જોઈને વિચાર કર્યો કે, આવો વેશ મેં ક્યાંક જોયો છે. એમ ઉહાપોહ કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું તેમાં પ્રભુ સાથે સંજ્ઞીપણામાં ૯ ભવનું જ્ઞાન થયું તે ભવો નીચે પ્રમાણે હતા.

૧. પાંચમા ભવે ઋષભદેવ ભગવાનનો જીવ લલિતાંગ દેવ અને શ્રેયાંસકુમારનો જીવ સ્વયંપ્રભા નામની દેવી તરીકે હતો.

૨. છઠ્ઠા ભવે ઋષભદેવ ભગવાનનો જીવ વજ્રનાભરાજા અને શ્રેયાંસકુમારની જીવ તેની પત્ની તરીકે હતો.

૩. ત્યાર બાદ ૭મા ભવે બંને યુગલિકો થયા.

૪. ત્યાર બાદ પહેલાં દેવલોકમાં બંને દેવ થયા.

૫. ત્યારબાદ ભગવાનનો જીવ જીવાનંદ વેદ્ય હતો અને શ્રેયાંસકુમારનો જીવ કેશવનામે શ્રેષ્ઠિપુત્ર હતો, બંને મિત્રો તરીકે એકબીજાનો સંબંધ રાખતા હતા.

૬. ત્યાર બાદ ૧૨માં દેવલોકમાં બંને દેવ થયા.

૭. ત્યાર બાદ ભગવાનનો વજ્રનાભ જીવ ચક્રવર્તી થયો અને શ્રેયાંસનો જીવ તેમનો સાથી થયો. બંને એ દીક્ષા લીધી.

૮. બંને જીવ અનુત્તર દેવ થયા.

૯. નવમા ભવે શ્રેયાંસકુમાર થયો અને ભગવાને આ ૧૩મા ભવમાં દીક્ષા ગ્રહણ કરી ગોચરી માટે પધાર્યા.

પ્રશ્ન ઃ બે હાથના ખોબામાં ૧૦૮ ઘડા કેવી રીતે સમાઈ ગયાં ?

ઉત્તર ઃ તીર્થંકર પરમાત્મા પાણી માત્ર લબ્ધિવાળા હોવાથી તેમના હાથમાં હજારો ઘડા આવી જાય, તોય એક ટીપું પણ હાથમાંથી નીચે પડે નહિ, એવી પાણી માત્ર લબ્ધિ હોય છે.

પ્રશ્ન ઃ તીર્થંકર ઋષભદેવને ૪૦૦ દિવસો સુધી અંતરાય કેમ પડ્યો ?

ઉત્તર ઃ પહેલાના ભવમાં ભગવાનનો જીવ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યાં તેઓએ જોયું કે બળદો ખળામાં ધાન્યને પીલતાં પીલતાં ધાન્ય ખાઈ રહ્યા છે. તેથી ખેડૂતો બળદોને મારતા હતા. દયાથી પ્રભુના જીવે કહ્યું કે તમે બળદોને મારો નહિ, તેને મોઢે શીંકું બાંધી દો તેથી તે ધાન્ય નહિ ખાય તેઓ અજ્ઞાન હોવાથી પ્રભુના જીવે શીંકુ બાંધી બતાવ્યું. શીંકુ બાંધવાથી બળદો નિઃસાસા નાંખતા ધાન્ય પીલવા લાગ્યા. તે ઘણો સમય રહી જવાથી બળદોને તેટલા વખતનો અંતરાય પડ્યો. તેથી તે નિમિત્તે બંધાયેલા કર્મના ઉદયે પ્રભુને ૪૦૦ દિવસનો આહારનો અંતરાય પડ્યો. તે રીતે પ્રભુ ઋષભદેવને ૪૦૦ દિવસ લાગટ ઉપવાસનો વર્ષીતપ થયો હતો અને વૈશાખ સુદ-૩ના રોજ આ રીતે પારણું થયું હતું.

આજે વર્ષીતપના સળંગ ૪૦૦ ઉપવાસ સંઘયણ અને શક્તિના અભાવે કરાતા નથી, પરંતુ એકાંતરે ઉપવાસ કરવામાં આવે છે, તેથી એક વર્ષીતપમાં ૨૦૦ ઉપવાસ થતા હોઈને બે વર્ષીતપ કરવા જોઈએ. આ રીતે કરવાથી પ્રભુ ઋષભદેવના વર્ષીતપનું યથાશક્તિ અનુકરણ કર્યું કહેવાય.